# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

BAOU
Education
for All

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ – 382 481.
Website : www.baou.edu.in

નં.બાઆંઓયુ/નિયા.(એકે.)/5968/2020 તા.20/03/2020

## પરિપત્ર

તાજેતરમાં કોરોના વાઈરસ(COVID 19)ને ધ્યાને લઈ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિવિધ અભ્યાસક્રમોનું મટીરિયલ પોતાના સ્થળે અને પોતાના સમયે સરળતાથી મળી રહે તે રીતે યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત વિવિધ અભ્યાસક્રમોનું પ્રસારણ ગુજરાત સરકારની શૈક્ષણિક ચેનલ વંદે ગુજરાત ચેનલ નં.16 પર થાય છે. આ અંગેના શૈક્ષણિક પ્રસારણનું સમયપત્રક યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તેના દ્વારા વિદ્યાર્થી પોતાના સ્થળે અને પોતાના સમયે શિક્ષણ મેળવી શકે છે. વિદ્યાર્થીઓ પોતાના સમયની અનુકૂળતા પ્રમાણે અભ્યાસ કરી શકે તે હેતુથી મોટાભાગના અભ્યાસક્રમોનું ટેક્ષ્ટ મટીરિયલ યુનિવર્સિટીના પોતાના OMKAR પોર્ટલ પર અને વિડીયો મટીરિયલ OMKAR-e પોર્ટલ પર ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસને લગતી કોઈપણ સમસ્યાની પૃચ્છા યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ઈ-મેઈલ આઈડી પર અથવા સંબંધિત અધિકારી/કર્મચારીનો મોબાઈલ દ્વારા સંપર્ક કરી શકે છે.

સદર પરિપત્ર માનનીય કુલપતિશ્રીની મંજૂરીને આધિન બહાર પાડવામાં આવે છે.

M Trivedi

ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી
નિયામક(એકેડેમિક)

નકલ રવાના :

1. કા. કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
2. કમ્પ્યૂટર વિભાગ તરફ યુનિવર્સિટી વેબસાઈટ પર અપલોડ કરવા આગળની કાર્યવાહી સારૂ.
3. સંબંધિત ફાઈલ